Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

ક્રમાંક:કેસીજી/સપ્તધારા/૨૦૧૮/ ૨૦૮૩ તા.૨૨/૦૬/૨૦૧૮

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સીટી (સરકારી અને ખાનગી),
ગુજરાત રાજ્ય.

(૨) આચાર્યશ્રી,
રાજ્યની તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર),
ગુજરાત રાજ્ય.

<u>વિષય:</u> ૨૬મી જૂન, ૨૦૧૮ના રોજ "International Day Against Drug Abuse and Illicit Trafficking" ઉજવણી બાબત

<u>સંદર્ભ:</u> (૧) માન. સેકશન અધિકારી, શિક્ષણ વિભાગના તા.૧૨/૦૬/૨૦૧૮ના રોજ મળેલ પત્ર ક્રમાંક-પરચ- ૧૨૨૦૧૮-૪૮૧-વ.૨

શ્રીમાન,

યુનાઇટેડ નેશન દ્વારા દર વર્ષે ૨૬ મી જૂનને "International Day Against Drug Abuse and Illicit Trafficking" દિવસ તરીકે જાહેર કરવા અંગેનો ઠરાવ ડિસેમ્બર, ૧૯૮૭માં પસાર કરવામાં આવ્યો હતો. આથી, દર વર્ષે ૨૬મી જૂનના રોજ સરકાર દ્વારા "International Day Against Drug Abuse and Illicit Trafficking" પર જાગૃતિ ફેલાવવા માટેના પગલાં લેવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ-૧ મુજબ પોલીસ વિભાગ, શિક્ષણ, આરોગ્ય અને કૌટુંબિક કલ્યાણ, સમાજ કલ્યાણ, જેલ, યુવા અને રમતો, વગેરે વિભાગોએ ૨૬મી જૂન, ૨૦૧૮ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. આ દિવસની ઉજવણી કરવા માટે રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને કોલેજ કક્ષાએ નીચે દર્શાવેલ પગલા લેવા જણાવવામાં આવે છે.

- સ્કુલ અને કોલેજોમાં જાગૃતિ માટે વિવિધ પ્રોગ્રામોનું આયોજન.
- એન્ટી ડ્રગ માર્ચ / રન / રેલી
- ડ્રગના ગેરઉપયોગ અને HIV (શેરીના બાળકો, જેલના કેદીઓ, ટ્રક ડ્રાઈવર, વિવિધ સંવેદનશીલ, ઝૂંપડપટ્ટી વસવાટ કરનારાઓ, વગેરે) સમૂહ સાથે જાહેર બેઠક
- ડ્રગનો દુરુપયોગ / ડ્રગની હેરફેરના વિષય પર સેમિનારનું આયોજન
- વિવિધ બિનસંગઠિત સંસ્થાઓ (NGO)ના સહકારથી વિવિધ વર્કશોપ (કાર્યશાળા)નું આયોજન

Pragna Puram, Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in

Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

- ડ્રગના ગેરઉપયોગ પર પ્રદર્શન.
- વિવિધ સર્વિસ પ્રોવાઇડર દ્વારા SMSથી જાગૃતિ
- દૂરદર્શન/ ઓલ ઈન્ડિયા રેડિયો અને અન્ય ટી.વી. અને રેડિયો ચેનલ દ્વારા ઉપરોક્ત વિષય પરના કાર્યક્રમોનું આયોજન
- બેનર્સ, પોસ્ટરો, પત્રિકાઓ, હોર્ડિંગ્સ, સિનેમા અને જાહેર સ્થળોએ સ્લાઇડ શો પ્રદર્શન અને વિતરણ.

ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)માં ૨૬મી જૂન, ૨૦૧૮ના રોજ "International Day Against Drug Abuse and Illicit Trafficking" દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવા માટે નમ્ર અનુરોધ કરવામાં આવે છે તેમજ "International Day Against Drug Abuse and Illicit Trafficking" ઉજવણીનો અહેવાલ તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં ડો.યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કેસીજી, અમદાવાદ ટપાલથી મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

આભાર સહ....

૨૨-૬-૧૮

પ્રો. એ. યુ. પટેલ
એડવાઇઝર, કેસીજી,
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

નકલ રવાના યોગ્ય કાર્યવાહી સારું:
(૧) અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૨) કુલપતિશ્રી, રાજ્યની તમામ યુનિવર્સીટીઓ,

નકલ સવિનય રવાના જાણ સારું:
(૧) નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૨) કલેક્ટરશ્રી, તમામ જીલ્લા, ગુજરાત રાજ્ય
(૩) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય
(૪) એડવાઇઝરશ્રી, કેસીજી, અમદાવાદ
(૫) ડો. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કે.સી.જી, અમદાવાદ(કાર્યવાહી અને અમલ અર્થે)

Pragna Puram, Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in